જૈન ન્યાયનો ક્રમિક વિકાસ

[૯]

ન્યાય અને ન્યાયશાસ્ત્ર : જે અનુમાનપ્રણાલિકાથી સંદિગ્ધ વસ્તુનો નિર્ણય કરી શકાય છે તે અનુમાનપદ્ધતિને 'ન્યાય' કહેવામાં આવે છે. જે શાસ્ત્રમાં આવી અનુમાનપદ્ધતિનો વિચાર મુખ્યપણે હોય છે, તે શાસ્ત્ર ન્યાય-સાહિત્યમાં સ્થાન લે છે. ન્યાયશાસ્ત્રમાં માત્ર ન્યાયની અનુમાનપદ્ધતિની જ ચર્ચા હોય તેમ કાંઈ નથી હોતું, તેમાં સમગ્ર પ્રમાણોનું નિરૂપણ હોય છે; એટલું જ નહિ, પણ તેમાં પ્રમેયોનું નિરૂપણ સુધ્ધાં હોય છે. છતાં એટલું ખરું કે તેવી જાતના સાહિત્યમાં પ્રમાણના નિરૂપણે અને તેમાંયે અનુમાન પદ્ધતિના નિરૂપણે મોટો ભાગ રોકેલો હોય છે. તેથી જ તેવી જાતનું સાહિત્ય 'प्राधान्येन व्यदेशा भवन्ति' એ ન્યાયને અનુસરી ન્યાય-સાહિત્ય કહેવાય છે.

ચેતનસૃષ્ટિમાં મનુષ્યજાતિનું મહત્ત્વ તેની બુદ્ધિને લીધે છે. તેની બુદ્ધિની મહત્તા વિચાર-સ્વતંત્રતાને લીધે છે. વિચાર-સ્વાતંત્ર્ય એ તર્ક અને જિજ્ઞાસા-શક્તિનું પરિણામ છે. તેથી જ્યારે કોઈ બહારનું કે અંદરનું દબાણ ન હોય ત્યારે હરકોઈ મનુષ્યની બુદ્ધિ આપોઆપ શંકા અને તર્ક કર્યા કરે છે, અને તેમાંથી જ કલ્પનાશક્તિ ખીલતાં ક્રમે અનુમાનપદ્ધતિ નિષ્પન્ન થાય છે. આ કારણથી ન્યાય એ કોઈ પણ દેશની કે કોઈ પણ મનુષ્યજાતિની વિકસિત કે વિકાસ પામતી બુદ્ધિનું એક દૃશ્ય સ્વરૂપ છે. થોડામાં કહીએ તો મનુષ્યજાતિની વિચારશક્તિ એ એકમાત્ર ન્યાયશાસ્ત્રનું ઉદ્ગમ સ્થાન છે.

છતાં દેશભેદ કે સંપ્રદાયભેદથી ન્યાયશાસ્ત્રના વિભાગ પડી જાય છે; જેમ કે, પશ્ચિમીય ન્યાયશાસ્ત્ર, પૂર્વીય ન્યાયશાસ્ત્ર, પૂર્વના ન્યાયશાસ્ત્રમાં પણ વૈદિક, બૌદ્ધ અને જૈન એ મુખ્ય ભાગો છે.

ત્રણ ભેદોનું પારસ્પરિક અંતર : આવા ભાગો પડી જવાનું મુખ્ય કારણ સંપ્રદાયભેદ એ તો છે જ, પણ બીજાંયે ખાસ કારણો છે; જેમ કે ભાષાભેદ, નિરૂપણપદ્ધતિની ભિન્નતા અને ખાસ કરી સાંપ્રદાયિક પ્રમેયોની અને માન્યતાઓની ભિન્નતાને લીધે ઉપસ્થિત થયેલો પ્રસ્થાનભેદ. વૈદિક ન્યાયનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્થાન વેદને પ્રમાણ માની તેને અનુકૂળ ચાલવામાં છે. બૌદ્ધ ન્યાયનું પ્રસ્થાન વેદ કે અન્ય આગમ પ્રમાણને આશ્રિત ન રહી પ્રધાનપણે અનુભવને આધારે ચાલવામાં છે. જૈન ન્યાયનું પ્રસ્થાન વેદના પ્રામાણ્યનો સ્વીકાર ન કર્યા છતાં પણ શબ્દનું પ્રામાણ્ય સ્વીકારી ચાલવામાં છે. તે ઉપરાંત આ ત્રણે મુખ્ય સંપ્રદાયના ન્યાયની ભિન્નતાનું એક બીજું પણ બીજ–કારણ છે, અને તે વિષયભેદ. વૈદિક ન્યાય કોઈ પણ તત્ત્વને સિદ્ધ કરતો હોય ત્યારે તે સાધ્ય તત્ત્વોને અમુક એકરૂપે જ સિદ્ધ કરે છે; જેમ કે આત્મા વગેરે તત્ત્વોને વ્યાપક અથવા નિત્ય રૂપે જ અને ઘટ આદિ પદાર્થોને અનિત્ય રૂપે જ. બૌદ્ધ ન્યાય આંતર કે બાહ્ય સમગ્ર તત્ત્વોને એક રૂપે જ સિદ્ધ કરે છે, પણ તે એક રૂપ એટલે માત્ર ક્ષણિકત્વ. તેમાં ક્ષણિકત્વના વિરુદ્ધ પક્ષ સ્થાયિત્વને કે નિત્યત્વને બિલકુલ અવકાશ નથી. જૈન ન્યાય એ વૈદિક અને બૌદ્ધ ન્યાયની વચ્ચે રહી પ્રત્યેક સાધ્ય તત્ત્વને માત્ર એક રૂપે સિદ્ધ ન કરતાં અનેક રૂપે સિદ્ધ કરે છે. આ કારણથી જૈન ન્યાય બીજા ન્યાયો કરતાં જુદો પડે છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે જે ન્યાય જૈનાચાર્યોએ રચેલો હોય, જે કેવળ પૌરુષેય આગમનું પ્રામાણ્ય સ્વીકારી ચાલતો હોય અને કોઈ પણ તત્ત્વનું સાપેક્ષ દૃષ્ટિએ નિરૂપણ કરતો હોય તે જૈન ન્યાય.

એકબીજાના પ્રભાવથી થયેલ વિચારક્રાંતિ : એક સંપ્રદાય અમુક તત્ત્વો ઉપર વધારે ભાર આપતો હોય, ત્યારે જાણે કે અજાણે તેનો પ્રભાવ બીજાપાડોશી સંપ્રદાયો ઉપર અનિવાર્ય રીતે પડે છે. જો જૈન અને બૌદ્ધ સંપ્રદાયની અહિંસાનો પ્રભાવ વૈદિક સંપ્રદાય ઉપર પડયાની વાત માની લેવા તૈયાર થઈએ તો સત્ય ખાતર એ પણ માની લેવું જોઈએ કે વૈદિક વિદ્વાનોની દાર્શનિક પદ્ધતિની અસર બીજા બે સંપ્રદાયો ઉપર પડી છે. જોકે સામાન્ય ન્યાય–સાહિત્યના વિકાસમાં ત્રણે સમ્પ્રદાયોના વિદ્વાનોએ અને આચાર્યોએ ફાળો આપ્યો છે, છતાં પહેલેથી છેલ્લે સુધીનો ન્યાય–સાહિત્યનો તથા પઠન-પાઠનનો ઇતિહાસ જોતાં એવા નિર્ણય ઉપર આપોઆપ આવી જવાય છે કે ન્યાયનાં તત્ત્વોની વ્યવસ્થા કરવામાં પ્રધાનસ્થાન વૈદિક વિદ્વાનોનું છે. એ વિષયમાં તેઓનો પ્રભાવ સ્પષ્ટ છે, અને આ જ કારણથી ક્રમે ક્રમે બૌદ્ધ અને જૈન વિદ્વાનો પોતાની આગમમાન્ય પાલિ અને પ્રાકૃત ભાષા છોડી વૈદિક સમ્પ્રદાયમાન્ય સંસ્કૃત ભાષામાં પોતાની પદ્ધતિએ ન્યાયના ગ્રંથો રચવા મંડી ગયેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સાહિત્યની પ્રધાન બે શાખાઓ

ભગવાન મહાવીરના સમયમાં જૈન સંઘ પ્રધાનપણે મગધ અને તેના આસપાસના પ્રદેશોમાં હતો. પછી લગભગ એક સૈકા બાદ તે સંઘ બે દિશામાં વહેંચાયો: એક ભાગ દક્ષિણમાં અને બીજો ઉત્તરમાં. ત્યાર બાદ થોડાક સૈકાઓ વ્યતીત થયા કે તે વહેંચાયેલા બે ભાગો સ્પષ્ટ રૂપે જુદા પડી ગયા. એક દિગંબર અને બીજો શ્વેતાંબર. દક્ષિણવર્તી શ્રમણસંઘ પ્રધાનપણે દિગંબર સંપ્રદાયી થયો, અને ઉત્તરવર્તી શ્રમણસંઘ પ્રધાનપણે શ્વેતાંબર સંપ્રદાયી થયો. આ રીતે વિભક્ત થયેલ શ્રમણસંઘે જે સાહિત્ય રચ્યું તે પણ બે ભાગમાં આપોઆપ વહેંચાઈ ગયું: પહેલું દિગંબરીય સાહિત્ય અને બીજું શ્વેતાંબરીય સાહિત્ય. મૂળમાં અવિભક્ત જૈન સાહિત્યના આ રીતે મુખ્ય બે ભાગલા પડી ગયા.

દિગંબરીય શ્રમણ સંઘનું પ્રાધાન્ય દક્ષિણમાં હોવાથી તે સંપ્રદાયનું મૌલિક સાહિત્ય ત્યાં જ ઉત્પન્ન થયું, પોષાયું, વિકાસ પામ્યું અને સંગ્રહાયું. તે સાહિત્યના રચયિતા પ્રધાન પ્રધાન આચાર્યો જેવા કે કુંદકુંદ, સમંત ભદ્ર વગેરે ત્યાં જ થયા. શ્વેતાંબર શ્રમણસંઘનું પ્રાધાન્ય પહેલાં તો ઉત્તર હિન્દુસ્તાન (રાજપુતાના)-માં અને ક્રમે ક્રમે પશ્ચિમ હિન્દુસ્તાન (કાઠિયાવાડ, ગુજરાત)માં વધતું ગયું. તેથી તે સંપ્રદાયનું સાહિત્ય ઉત્તર અને પશ્ચિમમાં ઉત્પન્ન થયું અને વિકસ્યું છે. તેમ જ તે સાહિત્યના રચયિતા આચાર્યો પણ તે જ પ્રદેશમાં થયેલા છે. ઉત્તર કરતાં પશ્ચિમ હિન્દુસ્થાનમાં શ્વેતાંબર સંપ્રદાયની સત્તા વધેલી તેથી જ છેલ્લાં લગભગ પંદરસો વરસનું તે સંપ્રદાયનું સાહિત્ય પ્રધાનપણે કાઠિયાવાડમાં અને ગુજરાતમાં લખાયું, રચાયું, પોષાયું, વિકસિત થયું અને સંગ્રહાયું છે. આ રીતે જૈન સાહિત્યની મુખ્ય બે શાખાઓ આપણી નજરે પડે છે.

બન્ને શાખાઓના સાહિત્યમાં નવયુગ

આ બન્ને શાખાઓના શરૂઆતના ગ્રંથો જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે, તેની નિરૂપણપદ્ધતિ મંત્રસિદ્ધાંત રૂપે હતી. તત્ત્વજ્ઞાન હોય કે આચાર હોય, બન્નેનું નિરૂપણ ઉપનિષદ્ જેવી સરળ પ્રાચીન પદ્ધતિએ થતું, પણ પહેલાં કહેવામાં આવ્યું છે તેમ વૈદિક દર્શનોમાં ન્યાયદર્શને વિશિષ્ટ સ્થાન અને વિદ્વત્પ્રિયતા મેળવ્યા પછી જૈન સાહિત્યમાં પણ નવો યુગ દાખલ થયો. ન્યાય દર્શનની તર્કપદ્ધતિનો પ્રભાવ બૌદ્ધ સાહિત્ય ઉપર પ્રથમ પડ્યો બૌદ્ધ સાહિત્ય અને વૈદિક સાહિત્ય એમ બન્નેની મિશ્રિત અસર જૈન વાઙ્મય ઉપર પણ થઈ. તેથી જૈન આચાર્યો પણ બૌદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યોની પેઠે પોતાની આગમસિદ્ધ ભાષા ઉપરાંત સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા લાગ્યા. આ પહેલાં જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને સ્થાન નહોતું એમ માનવાને કોઈ ખાસ પ્રમાણ નથી. પણ એટલું ખરું કે આ સંસ્કૃત યુગ પહેલાં જૈન સાહિત્યમાં પ્રાકૃત ભાષાનું સામ્રાજ્ય હતું. જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને અને તર્કપદ્ધતિને પ્રથમ પ્રતિષ્ઠિત કરનાર શ્વેતાંબર આચાર્ય કે દિગંબર આચાર્ય ?–એ કહેવું કઠણ છે. પણ એમ કહી શકાય છે કે, બન્ને સંપ્રદાયના આ પરિવર્તન વચ્ચે વધારે અંતર ન હોવું જોઈએ.

જૈન ન્યાયનું કાળમાન અને વિકાસની દૃષ્ટિએ તેના ચાર ભાગો

શાસ્ત્રપ્રદેશમાં વિચારક્રાંતિ તથા ભાષા અને શૈલીભેદ થવાને પરિણામે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ન્યાયપદ્ધતિ જન્મી. તેથી પ્રથમ એ જોવું જોઈએ કે આ જૈન ન્યાયનું વય–કાળમાન કેટલું છે અને તેના વિકાસક્રમને સમજવા માટે તેને કેટલા ભાગમાં વહેંચી શકીએ.

જૈન ન્યાયના જન્મસમયની પૂર્વસીમા વધારેમાં વધારે વિક્રમના પહેલા સૈકાથી આગળ લંબાવી શકાતી નથી. અને તેના વિકાસની ઉત્તર સીમા વિક્રમના અઢારમા સૈકાથી આગળ આવતી નથી. આ રીતે વધારેમાં વધારે જૈન ન્યાયનું કાળમાન અઢારસો વરસ જેટલું આંકી શકાય. પણ ઉત્તર સીમા નિશ્ચિત છતાં વિવાદાસ્પદ પૂર્વ સીમાને ઓછામાં ઓછી પાંચમી શતાબ્દીથી શરૂ કરીએ તોય તેનું કાળમાન તેરસો વરસ જેટલું તો છે જ.

જૈન ન્યાયના વિકાસની ક્રમિક પાયરીઓના ભેદ સમજવા ખાતર તે કાળમાનને સ્થૂળ રીતે ચાર ભાગમાં વહેંચી શકાય છે. પહેલો ભાગ વિક્રમના પાંચમા સૈકા સુધીનો, બીજો છઠ્ઠા સૈકાથી દશમા સુધીનો, ત્રીજો ભાગ અગિયારથી તેરમા સુધીનો અને ચોથો ચૌદમાથી અઢારમા સુધીનો. આ ચાર ભાગને અનુક્રમે બીજારોપણકાળ, પલ્લવિતકાળ, પુષ્પિતકાળ અને ફળકાળના નામે ઓળખીએ તો જૈન ન્યાયના વિકાસને વૃક્ષના રૂપકથી સમજી શકીએ.

જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાની પ્રતિષ્ઠા થતાં જ શરૂઆતમાં કયા વિષયો ઉપર ગ્રંથો લખાયા એ વિચાર પ્રસ્તુત નથી, પણ જૈન સાહિત્યમાં ન્યાયનો સૂત્રપાત કોણે અને ક્યારે કર્યો એટલું જ અહીં કહેવાનું છે. દિગંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની સ્પષ્ટ પ્રતિષ્ઠા આચાર્ય સમંતભદ્રે અને શ્વેતાંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની બલવતી પ્રતિષ્ઠા આચાર્ય સિદ્ધસેન દિવાકરે કરી. આ બન્ને આચાર્યમાં કોણ પૂર્વવર્તિ અને કોણ પશ્ચાત્વર્તિ એ હજી નિર્ણીત થયું નથી; પણ એ બે વચ્ચે વિશેષ અંતર ન હોવું જોઈએ, એવી સંભાવના માટે

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

પ્રમાણો છે. આ બે આચાર્યોની ઉત્તર સીમા ઈ. સ. પાંચમા સૈકાથી આગળ લંબાવી શકાય તેમ નથી અને પૂર્વ સીમા લગભગ ઈ. સ. ના આરંભ પહેલાં નિર્દિષ્ટ કરી શકાય તેમ નથી.

સિદ્ધસેન અને સમન્તભદ્ર : એ બન્નેની કૃતિઓ

સંપ્રદાયો જુદા હોવા છતાં એ બન્નેનું એક એવું પરંપરાગત સામ્ય છે કે જે તરફ ધ્યાન ગયા વગર રહેતું નથી. દિગંબર સંપ્રદાયમાં ગંધહસ્તિના નામથી સમંતભદ્ર પ્રસિદ્ધ છે. અને તત્ત્વાર્થ ઉપરની ગંધહસ્તિમહાભાષ્ય ટીકા તેઓની કૃતિ તરીકે પ્રસિદ્ધ છે અને ઉપલબ્ધ આપ્તમીમાંસા તે જ મહાભાષ્યનું મંગલ મનાય છે. શ્વેતાંબર સંપ્રદાયમાં સિદ્ધસેન દિવાકર ગંધહસ્તિ કહેવાય છે અને તત્ત્વાર્થ ઉપર તેઓએ ગંધહસ્તિમહાભાષ્ય રચ્યું હતું એમ મનાય છે. બન્ને સંપ્રદાયની આ માન્યતાઓ નિરાધાર નથી, કારણ કે બન્ને સંપ્રદાયના ઘણા ગ્રંથોમાં તે બાબતના સૂચક ઉલ્લેખો મળી આવે છે.

આ બે આચાર્યોની વિશેષતા થોડામાં આ પ્રમાણે બતાવી શકાય. સંમતભદ્ર પોતાના દરેક ગ્રન્થોમાં જૈન દર્શન, તેના પ્રણેતા અર્હન્ અને તેનો સિદ્ધાંત અનેકાંત એટલાં તત્ત્વોની તર્કપદ્ધતિએ ઓજસ્વિની પ્રવાહબદ્ધ સંસ્કૃત ભાષામાં સૂક્ષ્મ ચર્ચા કરે છે; અને સાથે સાથે અન્ય દર્શનો, તેના પ્રણેતાઓ અને એકાંતનો સોપહાસ પ્રતિવાદ કરે છે. તેઓની ઉપલબ્ધ કૃતિઓ જોતાં એમ જણાય છે કે, સમંતભદ્ર તર્કસિદ્ધ દાર્શનિક મીમાંસા કરવામાં સિદ્ધહસ્ત હતા. સિદ્ધસેન દિવાકરે પણ જૈન દર્શન, તેના પ્રણેતા તીર્થંકર અને સ્વાદ્વાદ એ વિષયોની તાર્કિક પદ્ધતિએ પ્રતિષ્ઠા કરવા સાથે અન્ય દર્શનોનો સપરિહાસ નિરાસ કર્યો છે. તેઓની મધુર અને પ્રાસાદિક સ્વતઃસિદ્ધ સંસ્કૃત ભાષાનો પદ્યપ્રવાહ જોઈ આચાર્ય હેમચંદ્રે તેઓને કવિશ્રેષ્ઠ જણાવવા "अनुसिद्धसेनं कवयः" એ ઉદાહરણ ટાંક્યું છે. સિદ્ધસેને જૈન ન્યાયનું વ્યવસ્થિત સ્વરૂપ બાંધી તેનો સંક્ષેપમાં અભ્યાસ કરવા ઇચ્છનાર માટે ન્યાયાવતાર નામનો એક નાનકડો પદ્યમય ગ્રંથ રચ્યો છે, જેની મર્યાદાને આજ સુધીના સમગ્ર પ્રસિદ્ધ શ્વેતાંબર-દિગંબર વિદ્વાનો અનુસર્યા છે. તે સિવાય તત્કાલીન સમગ્ર ભારતીય દર્શનોને સંક્ષેપમાં પણ મૌલિક અભ્યાસ કરવા ઇચ્છનાર માટે તે છે દર્શનનું યથાર્થ સ્વરૂપ બતાવનારા પદ્યમય ગ્રંથો રચ્યા છે અને એ રીતે આચાર્ય હરિભદ્રને ષડ્દર્શનસમુચ્ચય રચવાની અને માધવાચાર્યને સર્વદર્શનસંગ્રહ રચવાની કલ્પનાનો ખોરાક પૂરો પાડ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્કાલીન ભારતીય સમસ્ત દર્શનોનું નિરૂપણ કરનાર બીજી કોઈ કૃતિ તેનાથી પ્રાચીન ન મળે ત્યાં સુધી દર્શનસંગ્રહ કરવાનું પ્રાથમિક ગૌરવ સિદ્ધસેનને આપતું જોઈએ. સિદ્ધસેનની એક વેદવાદ દ્વાત્રિંશિકા જોતાં એમ તુરત ભાસે છે કે, તેમણે વેદ અને ઉપનિષદ્નો મૌલિક તેમ જ તલસ્પર્શી અભ્યાસ કરેલો. સિદ્ધસેન દિવાકરનો પ્રસિદ્ધ ગ્રંથ સમ્મતિ તર્ક છે, જે પદ્યમય પ્રાકૃતમાં ત્રણ ભાગમાં કુંદકુંદના પ્રવચનસારની પેઠે પૂરો થયેલો છે. આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દિગંબર એમ બન્ને આચાર્યોએ ટીકાઓ રચી છે. તેમાં વર્ણવેલા સિદ્ધાંતો એટલાં સતર્ક અને હૃદયગ્રાહી છે કે આગળના આચાર્યો પણ તેથી વધારે મૂળ વસ્તુ કહી શક્યા નથી. સમંતભદ્રની ઉપલબ્ધ કૃતિઓમાં સિદ્ધસેનના ન્યાયાવતાર જેવી કે વૈદિક છયે દર્શન અને બૌદ્ધ દર્શનનું નિરૂપણ કરનાર બત્રીશીઓ જેવી કોઈ કૃતિ નથી. વાચકોએ સિદ્ધસેનની ઉપલબ્ધ એકવીશ બત્રીશીઓ અને સંમતભદ્રની આપ્તમીમાંસા, યુક્ત્યનુશાસન અને સ્વયંભૂસ્તોત્ર એ એકસાથે સામે રાખી અવલોકવાં, જેથી બન્નેનું પરસ્પર સાદૃશ્ય અને વિશેષતા આપોઆપ ધ્યાનમાં આવશે.

બીજા ભાગનું પલ્લવિતકાળ એ નામ રાખ્યું છે, તેનો અભિપ્રાય એટલો છે કે, સિદ્ધસેન અને સમંતભદ્ર દ્વારા બન્ને સંપ્રદાયોમાં જે જૈન ન્યાયનું બીજારોપણ થયું, તેને જ આ યુગમાં પલ્લવિત કરવામાં આવ્યું છે. આ યુગમાં દિગંબર સંપ્રદાયમાં અનુક્રમે અકલંક, વિદ્યાનંદ અને પ્રભાચંદ્ર એ એ ત્રણ પ્રધાન આચાર્યોએ મુખ્યપણે જૈન ન્યાયને વિસ્તાર્યો અને વિશદ કર્યો છે. શ્વેતાંબરમાં પણ પ્રધાનપણે ત્રણ આચાર્યોએ આ યુગમાં જૈન ન્યાયને વિસ્તૃત અને વિશદ બનાવ્યો છે. મલ્લવાદી, હરિભદ્ર અને રાજગચ્છીય અભયદેવ—એ ત્રણેએ અનુક્રમે કાંઈ ને કાંઈ વધારે વિશેષતા અર્પી છે. અકલંક આદિ ત્રણે દિગંબર આચાર્યોએ જૈન ન્યાયના સ્વતંત્ર ગ્રંથો લખ્યા છે, અને સંમતભદ્ર આદિ પૂર્વાચાર્યોની ન્યાયવાણીને પલ્લવિત પણ કરી છે. તેવી જ રીતે મલ્લવાદી વગેરે આ યુગના શ્વેતાંબર આચાર્યોએ જૈન ન્યાય ઉપર સ્વતંત્ર ન્યાયના ગ્રંથો લખ્યા છે અને પોતપોતાની પહેલાંની તર્કવાણીને પલ્લવિત પણ કરી છે. તે ઉક્ત દિગંબર ત્રણ આચાર્યો અને ઉક્ત શ્વેતાંબર ત્રણ આચાર્યોની કૃતિઓ બરાબર સામે રાખી જોવામાં આવે તો એક બીજા ઉપર પડેલો પ્રભાવ પરસ્પરનું સાદૃશ્ય અને વિશેષત્વ ધ્યાનમાં આવ્યા વિના રહે તેમ નથી.

ત્રીજા ભાગનું નામ પુષ્પિતકાળ છે. પુષ્પો કાંઈ સંખ્યામાં પલ્લવો જેટલાં નથી હોતાં; કદાચિત પુષ્પોનું પરિમાણ પલ્લવોથી નાનું પણ હોય છે.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

છતાં પુષ્પ એ પલ્લવોની ઉત્તર અવસ્થા હોઈ તેમાં એક જાતનો વિશિષ્ટ પરિપાક હોય છે. બીજા યુગમાં જૈન ન્યાયનો જે વિસ્તાર અને સ્પષ્ટીકરણ થયાં તેને પરિણામે ત્રીજો યુગ જન્મ્યો. આ યુગમાં અને આ પછીના ચોથા યુગમાં દિગંબર આચાર્યોએ ન્યાય વિષયક કેટલાક ગ્રંથો રચ્યા છે, પણ હજુ સુધી મારી નજરે એવો એક ગ્રંથ નથી પડ્યો કે જેને લીધે જૈન ન્યાયના વિકાસમાં તેને સ્થાન આપી શકાય. ત્રીજા યુગના શ્વેતાંબર સંપ્રદાયમાં વાદી દેવસૂરિ અને હેમચન્દ્ર એ બેનું મુખ્ય સ્થાન છે. એ ખરું કે આચાર્ય હેમચંદ્રની પરિચિત કૃતિઓમાં જૈન ન્યાય વિષયક બહુ કૃતિઓ નથી, તેમ પરિમાણમાં મોટી પણ નથી. છતાં તેઓની એ બત્રીશીઓ અને પ્રમાણમીમાંસા જોનારને પોતાની વિશિષ્ટતા ધ્યાનમાં આવ્યા સિવાય નહીં રહે અને એમ આપોઆપ જણાશે કે મોટા મોટા અને લાંબા લાંબા ગ્રંથોથી કંટાળેલ અભ્યાસીઓ માટે સંક્ષેપમાં છતાં વિશેષતાવાળી રચનાઓ તેઓએ કરી અને ફૂલનું સૌરભ તેમાં આણ્યું. વાદી દેવસૂરિ કાંઈ કંટાળે તેવા ન હતા. તેઓએ તો રત્નાકરની સ્પર્ધા કરે એવો એક સ્યાદ્વાદરત્નાકર ગ્રંથ રચ્યો અને કોઈ અભ્યાસીને જૈન ન્યાય માટે તેમ જ દાર્શનિક ખંડનમંડન માટે બીજે ક્યાંય ન જવાની સગવડ કરી દીધી.

ચોથો ફળકાળ

આ યુગમાં જે સાહિત્ય રચાયું તે ફળરૂપ છે. ફળમાં બીજથી ફૂલ સુધીના ઉત્તરોત્તર પરિપાકનો સાર આવી જાય છે. તેવી રીતે આ યુગના સાહિત્યમાં પહેલા ત્રણે યુગના સાહિત્યમાં થયેલો પરિપાક એકસાથે આવી જાય છે. આ યુગમાં જે જૈન સાહિત્ય રચાયું છે, તે જ જૈન ન્યાયના વિકાસનું છેલ્લું પગથિયું છે; કારણ કે, ત્યાર બાદ તેમાં કોઈએ જરાયે ઉમેરો કર્યો નથી. મલ્લીષેણની સ્યાદ્વાદમંજરી બાદ કરીને આ યુગના ફલાયમાન ન્યાય વિષયક ઉચ્ચ સાહિત્ય તરફ નજર કરીએ તો જણાશે કે તે અનેક વ્યક્તિઓના હાથે લખાયું નથી. તેના લેખક ફક્ત એક જ છે અને તે સત્તરમા–અઢારમાં સૈકામાં થયેલા, લગભગ સો શરદો સુધી મુખ્યપણે શાસ્ત્રયોગ સિદ્ધ કરનાર સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને મારવાડી એ ચારે ભાષાઓમાં વિવિધ વિષયોની ચર્ચા કરનાર ઉપાધ્યાય યશોવિજયજી છે. ઉપાધ્યાયજીના જૈન તત્ત્વજ્ઞાન, આચાર, અલંકાર, છંદ વગેરે અન્ય વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન ન્યાય વિષયક ગ્રંથો ઉપર નજર નાખીએ તો એમ કહેવું પડે છે કે, સિદ્ધસેન ને સમંતભદ્રથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદી દેવસૂરિ અને હેમચન્દ્ર સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસિત થયો હતો, તે પૂરેપૂરો ઉપાધ્યાયજીના તર્કગ્રંથોમાં મૂર્તિમાન થાય છે, અને વધારામાં તે ઉપર એક કુશળ ચિત્રકારની પેઠે તેઓએ એવા સૂક્ષ્મતાના, સ્પષ્ટતાના અને સમન્વયના રંગો પૂર્યા છે કે જેનાથી મુદિતમના થઈ આપોઆપ એમ કહેવાઈ જાય છે કે પહેલા ત્રણ યુગનું બન્ને સંપ્રદાયનું જૈન ન્યાયવિષયક સાહિત્ય કદાચ ન હોય અને માત્ર ઉપાધ્યાયજીનું જૈન ન્યાય વિષયક સંપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ હોય તોયે જૈન વાઙ્મય કૃતકૃત્ય છે. ઉપાધ્યાયજીએ અધિકારી ભેદને ધ્યાનમાં રાખી, વિષયોની વહેંચણી કરી, તે ઉપર નાનામોટા અનેક જૈન ન્યાયના ગ્રંથો લખ્યા. તેઓએ જૈન તર્કપરિભાષા જેવો જૈન ન્યાયપ્રવેશ માટે લઘુ ગ્રંથ રચી જૈન સાહિત્યમાં તર્કસંગ્રહ અને તર્કભાષાની ખોટ પૂરી પાડી. રહસ્યપદાંકિત એકસો આઠ ગ્રંથો કે તેમાંના કેટલાક રચી જૈન ન્યાય–વાઙ્મયમાં નૈયાયિક પ્રવર ગદાધર ભટ્ટાચાર્યના ગ્રંથોની ગરજ સારી. નયપ્રદીપ, નયરહસ્ય, નયામૃતતરંગિણી સહિત નયોપદેશ, સ્યાદ્વાદકલ્પલતા, ન્યાયાલોક, ખંડનખંડખાદ્ય, અષ્ટસહસ્રીટીકા આદિગ્રંથો રચી જૈન ન્યાય વાઙ્મયને ઉદયનાચાર્ય, ગંગેશ ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ અને જગદીશની પ્રતિભાનું નૈવેદ્ય ધર્યું. અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્ જેવા ગ્રંથોથી જૈન ન્યાય વાઙ્મયનો ગીતા, યોગવાસિષ્ઠ આદિ વૈદિક ગ્રંથો સાથે સંબંધ જોડ્યો. થોડામાં એટલું જ કહેવું બસ છે કે વૈદિક અને બૌદ્ધ સાહિત્યે દાર્શનિક પ્રદેશમાં સત્તરમા સૈકા સુધીમાં જે ઉત્કર્ષ સાધ્યો હતો, લગભગ તે બધા ઉત્કર્ષનો આસ્વાદ જૈન વાઙ્મયને આપવા ઉપાધ્યાયજીએ પ્રામાણિકપણે આખું જીવન વ્યતીત કર્યું અને તેથી તેઓના એક તેજમાં જૈન ન્યાયનાં બીજાં બધાં તેજો લગભગ સમાઈ જાય છે, એમ કહેવું પડે છે.

ઉપસંહાર

આ લેખમાં જૈન ન્યાયના વિકાસક્રમનું માત્ર દિગ્દર્શન અને તે પણ અધૂરી રીતે કરાવવામાં આવ્યું છે. આ સ્થળે જૈન ન્યાયના વિકાસક તરીકે જે જે આચાર્યોનાં નામ લેવામાં આવ્યાં છે, તેઓનાં જીવન, તેઓનો સમય, તેઓની કાર્યાવલિ વગેરેનો ઉલ્લેખ જરાયે નથી કર્યો. તેવી જ રીતે તેઓના સંબંધમાં જે કાંઈ થોડુંઘણું લખ્યું છે, તેની સાબિતી માટે ઉતારાઓ આપવાના લોભનું પણ નિયંત્રણ કર્યું છે. આ નિયંત્રણ કરવાનું કારણ જોઈતા અવકાશ અને સ્વાસ્થ્યનો અભાવ એ એક જ છે. આચાર્યોનાં

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

જીવન આદિની વિગત એટલી બધી લાંબી છે કે, તે આપતાં વિષયાંતર થઈ જાય. તેથી જેઓ તે વિષયના જિજ્ઞાસુ હોય તેઓની જાણ ખાતર છેવટે એક એવું પરિશિષ્ટ આપવામાં આવે છે કે જેની અંદર ઉપર આવેલા આચાર્યોના સંબંધમાં માહિતી આપનાર ગ્રંથો નોંધેલા છે અને તેઓનું પ્રકાશિત થયેલું કેટલુંક સાહિત્ય નોંધેલું છે. એ સાહિત્ય અને એ ગ્રંથો જોવાથી તે તે આચાર્યોના સંબંધમાં મળતી આજ સુધીની માહિતી ઘણેભાગે કોઈ પણ જાણી શકશે.

આ લેખમાં જૈન ન્યાયના પ્રણેતા અમુક જ વિદ્વાનોનો ઉલ્લેખ છે; બીજા ઘણાને છોડી દીધા છે. તેનું કારણ એ નથી કે તેઓનો જૈન ન્યાયના વિકાસમાં સ્વલ્પ પણ હિસ્સો નથી. હોય છતાં તેવા નાના મોટા દરેક ગ્રંથકારનો ઉલ્લેખ કરતાં લેખનું કલેવર કંટાળાભરેલ રીતે વધી જાય તેથી જે વિદ્વાનોનું જૈન ન્યાયના વિકાસમાં થોડું છતાં વિશિષ્ટ સ્થાન મને જણાયું છે, તેઓનો જ ઉલ્લેખ કર્યો છે. બાકીનાઓનાં નામનું બીજું એક પરિશિષ્ટ અંતમાં આપી દેવામાં આવે છે.

આ લેખ સમાપ્ત કરતાં એક વાત તરફ વાચકોનું ધ્યાન ખેંચું છું તે આ–હિંદુસ્તાનના કે બહારના વિદ્વાનો ગુજરાતના સાક્ષરોને એમ પૂછે છે કે ગુજરાતના વિદ્વાનોએ દાર્શનિક સાહિત્ય રચ્યું છે? અને રચ્યું હોય તો કેવું અને કેટલું? આ પ્રશ્નનો કોઈ પણ સાક્ષર હા માં અને પ્રામાણિક ઉત્તર આપી ગુજરાતનું નાક રાખવા ઇચ્છે તો તેણે જૈન વાઙ્મય તરફ સપ્રેમ દૃષ્ટિપાત કરવો જ પડશે. એવી સ્થિતિમાં ગુજરાતના દાર્શનિક સાહિત્યનું મુખ ઉજ્જ્વલ કરવા ખાતર અને દાર્શનિક સાહિત્યની સેવામાં ગુજરાતનું વિશિષ્ટ સ્થાન જણાવવા માટે દરેક સાહિત્યપ્રેમી વિદ્વાનની એ ફરજ છે કે, તેણે કેવળ સાહિત્યોપાસનાની શુદ્ધ દૃષ્ટિથી જૈન ન્યાય સાહિત્યના ગુજરાતીમાં સરલ અને વ્યવસ્થિત અનુવાદો કરી સર્વસાધારણ સુધી તેનો ધોધ પહોંચતો કરવો. જૈનોનું આ સંબંધમાં બેવડું કર્તવ્ય છે. તેઓએ તો સાંપ્રદાયિક મોહથી પણ પોતાના દાર્શનિક સાહિત્યને વિશિષ્ટ રૂપમાં અનુવાદિત કરી પ્રચારવાની આવશ્યકતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिशिष्ट नं. १

નિબંધાંતર્ગત દાર્શનિકો

(क) શ્વેતાંબરીય.

નામ	ન્યાય વિષયક કૃતિઓ.	તેમની માહિતીનાં સાધનો.
સિદ્ધસેન દિવાકર	સન્મતિતર્ક, ન્યાયાવતાર અને બત્રીશીઓ.	પ્રભાવક–ચરિત, પ્રબંધ ચિંતામણિ, ચતુર્વિંશતિ પ્રબંધ, જૈનસાહિત્ય સંશોધક વર્ષ ૧. ગુર્વાવલી, વીરવંશાવલી (જૈન. સા૦ સં. વ. ૧ અં. ૩).
મલ્લવાદી.	દ્વાદશાર નયચક્ર, સન્મતિ ટીકા.	પ્ર૦ ચ૦, પ્રબં૦ ચિં, ચતુ૦ પ્ર૦ ગુર્વાવલી, વીરવંશાવલી (જૈન. સા. સં. વ. ૧ અં૦ ૩)
હરિભદ્ર	અનેકાંતજયપતાકા, ષડ્દર્શનસમુચ્ચય, લલિત વિસ્તરા, ન્યાય પ્રવેશ–પ્રકરણ ઉપર ટીકા, શાસ્ત્રવાર્તા–સમુચ્ચય, લોકતત્ત્વનિર્ણય, ધર્મસંગ્રહણી, અને ન્યાયાવતાર–વૃત્તિ,	પ્ર ચ૦, ચતુ૦ પ્ર૦, શ્રી હરિભદ્રસૂરિચરિત્ર, જૈન દર્શન (પં. બેચરદાસ કૃત)ની પ્રસ્તાવના, જૈન સા૦ સં૦ વ૦ અં૦ ૧ વીરવંશાવલી, ધર્મસંગ્રહણિની પ્રસ્તાવના, ઉપમિતિભવપ્રપંચાની પ્રસ્તાવના વગેરે.
અભયદેવ (રાજગચ્છીય)	સન્મતિટીકા.	પિટર્સન રિપોર્ટ ૪ માં લેખકોની અનુક્રમણિકા.
વાદી દેવસૂરિ	સ્યાદ્વાદ રત્નાકર.	પ્ર૦ ચ., પ્રબં. ચિં., વીરવંશાવલી,
આચાર્ય હેમચંદ્ર	પ્રમાણમીમાંસા, અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા.	પ્ર. ચ., પ્રબં. ચિં., ચતુ. પ્ર., કુમારપાળપ્રતિબોધ, કુમારપાળ પ્રબંધ, કુમારપાળ ચરિત્ર, રાસમાળા વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલ્લિષેણુ	સ્યાદ્વાદ મંજરી.	
મહોપાધ્યાય યશોવિજયજી.	અધ્યાત્મમતપરીક્ષા સટીક, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, આધ્યાત્મિકમતદલન સટીક, અષ્ટસહસ્રી વિવરણ, ઉપદેશરહસ્ય સટીક, જ્ઞાનબિંદુ, જૈનતર્કભાષા, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા-સટીક, ધર્મપરીક્ષા સટીક, નયપ્રદીપ, નયામૃતતરંગીણી, ન્યાયખંડનખાદ્ય-સટીક, ન્યાયાલોક, પાતંજલ યોગદર્શન વિવરણલેશ, ભાષારહસ્ય સટીક, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, નયરહસ્ય, તત્ત્વાર્થસૂત્ર-વૃત્તિ. વગેરે.	યશોવિજય જીવન-ચરિત્ર (આ. બુદ્ધિસાગરકૃત). આનંદઘન પદ્યરત્નાવલી પ્રસ્તાવના (મો. ગિ. કાપડીયા કૃત), આત્માનંદ પ્રકાશ પુ૦ : ૩ અં. ૬, શાસ્ત્રવાર્તાસમુચ્ચયની પ્રસ્તાવના, ધર્મસંગ્રહણીની પ્રસ્તાવના વગેરે.

(ख) દિગમ્બરીય.

સમંતભદ્ર	દેવાગમસ્તોત્ર, તત્ત્વાનુશાસન, યુક્ત્યનુશાસન, સ્વયંભૂસ્તોત્ર.	જૈન હિતૈષી ભા. ૬-અં. ૨, ૩, ૪, વિદ્વદ્રત્નમાળા ભા. ૧, અષ્ટસહસ્રીની પ્રસ્તાવના.
અકલંક	રાજવાર્તિક, અષ્ટશતી, ન્યાયવિનિશ્ચય, લઘીયસ્ત્રયી.	લઘીયસ્ત્રયી આદિની પ્રસ્તાવના, વિદ્વદ્રત્નમાળા ભા. ૨, રાજવાર્તિકની પ્રસ્તાવના.
વિદ્યાનંદ	પ્રમાણપરીક્ષા, અષ્ટસહસ્રી, શ્લોકવાર્તિક, આપ્તપરીક્ષા, પત્રપરીક્ષા વગેરે.	જૈન હિતૈષી ભા. ૮ પૃ. ૪૩૯, યુક્ત્યનુશાસનની પ્ર., અષ્ટસહસ્રીની પ્ર.
પ્રભાચંદ્ર	ન્યાયકુમુદચંદ્રોદય, પ્રમેયકમલમાર્તંડ.	વિદ્વદ્રત્નમાળા ભા.૨, પ્રમેય કમળ માર્તંડની પ્રસ્તાવના.

નોંધ—આ આચાર્યોએ અનેક વિષયો ઉપર અનેક ગ્રન્થો લખ્યાનાં પ્રમાણો મળે છે, પણ અહીં ફક્ત તેઓના ન્યાયવિષયક સાહિત્યનો ઉલ્લેખ પ્રસ્તુત હોવાથી તે દરેક આચાર્યની ન્યાયવિષયક કૃતિઓનો જ ઉલ્લેખ કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिशिष्ट नं. २

નિબંધ બાહ્ય જૈન ન્યાયના લેખકો

(क) શ્વેતાંબરીય.

ક્રમાંક.	નામ.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	શ્રી ગુણરત્નસૂરિ	ષડ્દર્શનસમુચ્ચયવૃત્તિ
૨	શ્રી ચંદ્રસેન	ઉત્પાદસિદ્ધિપ્રકરણ
૩	શ્રી ચંદ્રપ્રભસૂરિ	પ્રમેયરત્નકોષ
૪	શ્રી દેવભદ્ર મલ્લધારી	ન્યાયાવતારટિપ્પન
૫	શ્રી દેવચંદ્રજી	નયચક્ર
૬	શ્રી પદ્મસુંદર	પ્રમાણસુંદર
૭	શ્રી બુદ્ધિસાગર	પ્રમાણલક્ષ્યલક્ષણ
૮	શ્રી મુનિચંદ્ર	અનેકાંતજયપતાકાટિપ્પન
૯	શ્રી રાજશેખર	સ્યાદ્વાદકલિકા, રત્નાકરાવતારિકાટિપ્પન
૧૦	શ્રી રત્નપ્રભ	રત્નાકરાવતારિકા
૧૧	શ્રી શુભવિજય	સ્યાદ્વાદભાષા
૧૨	શ્રી શાંતિસૂરિ	પ્રમાણપ્રમેયકલિકા વૃત્તિ

(ख) દિગંબરીય.

ક્રમાંક.	ગ્રંથકાર.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	અનંતાચાર્ય	ન્યાયવિનિશ્ચયાલંકારવૃત્તિ
૨	શ્રી સુમતિ	સિદ્ધસેનના સન્મતિતર્ક પર ટીકા, ઉલ્લેખ. શ્રવણ બેલગુલાની મલ્લિષેણકૃત પ્રશસ્તિ તથા વાદીરાજ કૃત પાર્શ્વનાથચરિત્ર
૩	શ્રી દેવસેન	નયચક્ર, આલાપપદ્ધતિ
૪	શ્રી ધર્મસાગરસ્વામી	નયચક્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫	શ્રી ધર્મભૂષણ	ન્યાયદીપિકા, પ્રમાણવિસ્તાર
૬	શ્રી પ્રભાદેવસ્વામી	પ્રમિતિવાદ, મુક્તિવાદ, અવ્યાપ્તવાદ, તર્કવાદ તથા નયવાદ
૭	શ્રી નરેન્દ્રસેન	પ્રમાણપ્રમેયકલિકા
૮	શ્રી પંડિતાચાર્ય	પ્રમેયરત્નાલંકાર, પ્રમેયરત્નમાલિકાપ્રકાશિકા, સપ્તભંગીતરંગિણી ટીકા.
૯	શ્રી ભાવસેનાચાર્ય	ન્યાયદીપિકા
૧૦	શ્રી ભાવસેન કવિ	વિશ્વતત્ત્વપ્રકાશ
૧૧	શ્રી વાદીરાજ મુનિ	વાદમંજરી
૧૨	શ્રી વાદીસિંહ	પ્રમાણનૌકા, તર્કદીપિકા
૧૩	શ્રી વિમળદાસ	સપ્તભંગીતરંગિણી
૧૪	શ્રી શ્રુતસાગરસ્વામી	સન્મતિતર્ક
૧૫	શ્રી શ્રુતસાગર	તર્કદીપક

परिशिष्ट नं. ३

જૈનેતર ન્યાય ઉપર લખનારા જૈનાચાર્યો

(क) શ્વેતાંબરીય

અનુક્રમ.	નામ	ન્યાયવિષયક ગ્રંથો.
૧	શ્રી અભયતિલક	ન્યાયાલંકારટિપ્પન
૨	શ્રી ક્ષમાકલ્યાણ	તર્કફક્કિકા
૩	શ્રી ગુણરત્ન	તર્કરહસ્યદીપિકા
૪	શ્રી જયસિંહ	ન્યાયસારવૃત્તિ (મૂળ ભાસર્વજ્ઞ કૃત)
૫	શ્રી જિનવર્ધન	સપ્તપદાર્થી–ટીકા
૬	શ્રી નરચંદ્રસૂરિ	કંદલીટિપ્પન (મૂલ શ્રીધરકૃત)
૭	શ્રી મલ્લવાદી	ન્યાયબિંદુવૃત્તિટિપ્પન (મૂળ વૃત્તિ ધર્મોત્તર
૮	શ્રી ભુવનસુંદર	મહાવિદ્યાવિડંબનાવૃત્તિ [રચિત)
૯	શ્રી રત્નશેખર	લક્ષણસંગ્રહ
૧૦	શ્રી રાજશેખર	કંદલિપંજિકા
૧૧	શ્રી શુભવિજય	તર્કભાષાવાર્તિક [આચાર્ય રચિત
૧૨	શ્રી હરિભદ્ર	ન્યાયપ્રવેશપ્રકરણ-વૃત્તિ (મૂળ દિઙ્નાગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org